CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com


LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ મહા સુદ -૯    મંગળવાર, તા.૨૭-૦૧-૨૦૨૬    અંક : ૨૬  વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# ભારત અને યુરોપ વચ્ચે મુક્ત વેપાર કરાર માટે થઈ સમજૂતી

## યુરોપિયન યુનિયન સાથેની બેઠકમાં મુક્ત વેપાર કરાર, ડિફેન્સ સહિતના મહત્વના મુદ્દાઓ ઉપર થઈ હકારાત્મક ચર્ચા : આજે ટ્રેડ ડીલ સહિતના કરારો અંગે થશે સત્તાવાર જાહેરાત



નવી દિલ્હી

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરીફ પોલિસીના જવાબમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે આજે એક ઐતિહાસિક ફ્રી-ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. જેમાં અનેક ક્ષેત્રે વેપાર અંગે સમજૂતીઓ થશે. યુરોપિયન કાઉન્સિલના વડા એન્ટોનિયો કોસ્ટાએ આ એગ્રીમેન્ટ મુદ્દે ઉત્સાહ વ્યક્ત કર્યો છે.ભારત અને યુરોપીયન પ્રતિનિધિ મંડળ વચ્ચે મળેલી બેઠકમાં અનેક મુદ્દાઓ પર સહમતિ થઈ છે.

એન્ટોનિયો કોસ્ટા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન રહ્યા હતાં. એક મીડિયા સંસ્થા સાથે ઈન્ટરવ્યું દરમિયાન કોસ્ટાએ કહ્યું ભારત અને યુરોપીયન યુનિયન સાથે મળીને વૈશ્વિક મંચ પર સ્થિરતા અને વિશ્વસનીયતા પ્રદાન કરનારા સાથીઓ તરીકે કામ કરી શકે છે અને વધતી જતી જીઓ-ઈકોનોમિક અશાંતિનો સામનો કરી શકે છે. વેપારમાં નિયમો-આધારિત વ્યવસ્થા જાળવી શકે છે.

કોસ્ટાએ કહ્યું કે બંને પક્ષો વચ્ચે વધતા સિક્યુરિટી અને ડિફેન્સ સહયોગને કારણે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં સુરક્ષા જાળવવા, ઈન્ડો-પેસિફિક અને એટલાન્ટિક વચ્ચે મુક્ત વેપાર સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ છે.

ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેસનલ્સને યુસમાં પ્રવેશ મુદ્દે પણ બંને પક્ષોએ કરાર થઈ શકે છે. કોસ્ટાએ કહ્યું યુરોપ અને ભારત વધુને વધુ નજીકના ભાગીદાર બને તે જરૂરી છે.

આજે એક સમિટમાં ભારત અને યુરોપ વચ્ચે વેપાર, સિક્યુરિટી- ડિફેન્સ, ક્લાઈમેટ ચેન્જ, ટેકનોલોજી અને રૂલ-બેઝ્ડ ગ્લોબલ ઓર્ડર મજબૂત બનાવવા અંગે કરારની જાહેરાત કરવામાં આવશે. યુએસ અને ચીન પર નિર્ભરતા ઘટાડવા અને અન્ય પ્રદેશો સાથે તેના રાજદ્વારી અને આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે આ કરાર ખુબજ મહત્વનો રહેશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમિટમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાનું સ્વાગત કરશે. યુરોપિયન કમિશનના પ્રમુખ વોન ડેર લેયેને ગયા અઠવાડિયે કહ્યું હતું કે ભારત અને યુરોપીયન યુનિયન એક "ઐતિહાસિક વેપાર કરાર"કરવાની ખુબજ નજીક છે, આ કરાર બે અબજ લોકોના બજારને અસર કરશે.

નોંધનીય છે કે યુરોપ ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, વર્ષ ૨૦૨૪ માં બંને પક્ષોએ વેપાર ૧૨૦ બિલિયનના માલ સમાનનો વેપાર કર્યો હતો, જે ભારતના કુલ વેપારના ૧૧.૫% છે. ૨૦૨૩ માં બંને પક્ષો વછે સર્વિસ સેક્ટરમાં સર્વિસ વેપાર ૫૯.૭ બિલિયનનો હતો.

# ભારત-ઈયુ મુક્ત વેપાર કરાર વેપાર, રોકાણ, ઉત્પાદન અને રોજગાર માટે નોંધપાત્ર તકો લાવશે : નરેન્દ્ર મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ??ઈન્ડિયા એનર્જી વીકના ઉદ્ઘાટન સત્રને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યું



નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા એનર્જી વીકમાં જણાવ્યું હતું કે ભારત ઉર્જા ક્ષેત્રમાં મોટી તકોનું કેન્દ્ર બન્યું છે અને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ભારત-ઈયુ મુક્ત વેપાર કરારને બધા કરારોની માતા ગણાવતા તેમણે કહ્યું કે તે વેપાર, રોકાણ, ઉત્પાદન અને રોજગાર માટે નોંધપાત્ર તકો લાવશે, જે વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની ભૂમિકાને મજબૂત બનાવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ??ઈન્ડિયા એનર્જી વીકના ઉદ્ઘાટન સત્રને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યું. તેમણે નોંધ્યું કે ૧૨૫ દેશોના પ્રતિનિધિઓ ગોવામાં ચર્ચા માટે ભેગા થયા છે. પીએમએ જણાવ્યું હતું કે ઈન્ડિયા એનર્જી વીક ટૂંકા ગાળામાં સંવાદ અને કાર્યવાહી માટે એક વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. ભારત ઉર્જા ક્ષેત્રમાં પ્રચંડ તકોનો દેશ છે. દેશનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપી દરે વિકસી રહ્યું છે, જેનો અર્થ એ છે કે ઉર્જા સંબંધિત ઉત્પાદનોની માંગ સતત વધી રહી છે. ભારત વૈશ્વિક માંગને પહોંચી વળવા અને તકો પૂરી પાડવા સક્ષમ છે. ભારતની નિકાસ ક્ષમતા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું, આજે, આપણે વિશ્વના પેટ્રોલિયમ ઉત્પાદનોના ટોચના પાંચ નિકાસકારોમાં સામેલ છીએ. ભારત ૧૫૦ થી વધુ દેશોમાં માલની નિકાસ કરે છે. ભારતની આ ક્ષમતા તમારા માટે ખૂબ ઉપયોગી થશે. ઊર્જા સપ્તાહનું આ પ્લેટફોર્મ ભાગીદારી શોધવા માટે એક ઉત્તમ સ્થળ છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે એક મોટો કરાર થયો છે. વિશ્વભરના લોકો તેને સર્વ સોદાઓની માતા તરીકે ચર્ચા કરી રહ્યા છે. આ કરાર ભારતના ૧.૪ અબજ લોકો અને યુરોપિયન દેશોના લાખો લોકો માટે અપાર તકો લઈને આવ્યો છે. તે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે સંકલનનું એક ઉત્તમ ઉદાહરણ બની ગયું છે. આ કરાર વૈશ્વિક જીડીપીના લગભગ ૨૫ ટકા અને વૈશ્વિક વેપારના એક તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત અને યુરોપીયન વચ્ચેનો કરાર વેપાર તેમજ લોકશાહી અને કાયદાના શાસન પ્રત્યેની અમારી સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. યુરોપિયન યુનિયન સાથેનો આ મુક્ત વેપાર કરાર બ્રિટન અને એશિયા-પેસિફિક વેપાર કરારને પણ મદદ કરશે.



સમગ્ર વિશ્વ હાલમાં આબોહવા પરિવર્તનની વિષમ સ્થિતિનો સામનો કરી રહ્યું છે.વિશ્વના કેટલાક દેશોમાં ગરમી પડી રહી છે,ક્યાંક વરસાદ તો ક્યાંક હિમવર્ષાથી જનજીવન ખોરવાયું છે.આવી જ વિષમ સ્થિતિમાં બરફની વચ્ચે રસ્તો શોધી લોકો ચાલી રહ્યા છે.

# દુનિયાના સૌથી જૂના અને મોટા લોકતંત્રના સ્વરૂપે અમેરિકા અને ભારતના સંબંધો ઐતિહાસિક : ટ્રમ્પ

## ભારતને ૭૭માં પ્રજાસત્તાક પર્વની અમેરિકાના પ્રમુખે શુભેચ્છા આપી બંને દેશના સંબંધોને ઐતિહાસિક ગણાવ્યા

નવી દિલ્હી

ભારતમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસે દુનિયાભરના દેશોએ શુભેચ્છા પાઠવી હતી. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બંને દેશોના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કરતાં ભારત અને અમેરિકાને દુનિયાના સૌથી જૂના અને સૌથી મોટા લોકતંત્ર ગણાવ્યું.

અમેરિકાના દૂતાવાસ તરફથી ડોનાલ્ડ ટ્રમ્પનો શુભેચ્છા મેસેજ સોશિયલ મીડિયામાં પર કરવામાં આવ્યો છે. જેમાં ટ્રમ્પે લખ્યું કે, "સંયુક્ત રાજ્ય અમેરિકાની જનતા તરફથી ભારત સરકાર અને ભારતના લોકોને ૭૭મા પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. દુનિયાના સૌથી જૂના અને મોટા લોકતંત્રના સ્વરૂપે અમેરિકા અને ભારતના સંબંધો ઐતિહાસિક છે."

ટ્રમ્પના નિવેદન બાદ, યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે પણ પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી. તેમણે કહ્યું કે, "તેઓ પહેલીવાર ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવાનું સન્માન અનુભવી રહ્યા છે. ભારતીય આકાશ ઉપર ઉડતા અમેરિકન બનાવટના વિમાનોને જોવું એ યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેની મજબૂત રાજકીય ભાગીદારીનું શક્તિશાળી પ્રતીક છે."

નોંધનીય છે કે, ગત પ્રજાસત્તાક દિવસથી લઈને આ પ્રજાસત્તાક દિવસ સુધી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર ફેરફાર થયા છે. ટ્રમ્પના બીજા કાર્યકાળના પહેલા વર્ષમાં, અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો, અને બંને દેશો વચ્ચે મતભેદ રહ્યા હતા. ટ્રમ્પે ખુલ્લેઆમ ભારતની અર્થવ્યવસ્થાને મૃત ગણાવી હતી. આ પછી, વડાપ્રધાન મોદીએ પણ ખુલ્લેઆમ કહ્યું હતું કે, તેઓ ભારતના ખેડૂતોના હિત માટે વ્યક્તિગત નુકસાનનો પણ વિચાર કરશે નહી.

# સામૂહિક વિનાશના હથિયારો જ રાષ્ટ્રીય સુરક્ષાની એકમાત્ર ગેરંટી

## રશિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અને રશિયન સિક્યોરિટી કાઉન્સિલના ડેપ્યુટી ચેરમેન દિમિત્રી મેદવેદેવના નિવેદનથી વિશ્વના રાજકારણમાં ખળભળાટ

મોસ્કો

રશિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અને રશિયન સિક્યોરિટી કાઉન્સિલના ડેપ્યુટી ચેરમેન દિમિત્રી મેદવેદેવે વિશ્વ રાજકારણમાં એક નિવેદન આપીને ખળભળાટ મચાવી દીધો છે. રશિયાના પ્રતિષ્ઠિત અખબાર ’કોમર્સન્ટ’ને આપેલા ઈન્ટરવ્યુમાં મેદવેદેવે દાવો કર્યો છે કે, ‘સામૂહિક વિનાશના હથિયારો જ રાષ્ટ્રીય સુરક્ષાની એકમાત્ર પક્કી ગેરંટી છે.’ તેમણે ચેતવણી આપી છે કે વિશ્વમાં વધી રહેલી અસ્થિરતાને જોતા આગામી સમયમાં વધુને વધુ દેશો પરમાણુ હથિયાર મેળવવાની દિશામાં આગળ વધશે.

મેદવેદેવે પરમાણુ શસ્ત્રોના પ્રસાર પર નિરાશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ‘વિશ્વ વ્યવસ્થામાં તિરાડ પડી છે, જે ઘણા દેશોને પોતાની રક્ષા માટે સૌથી અસરકારક રસ્તો શોધવા મજબૂર કરી રહી છે. કેટલાક દેશો નક્કી કરશે કે સૌથી શ્રેષ્ઠ વિકલ્પ પરમાણુ હથિયાર મેળવવાનો છે. ઘણા દેશો પાસે મિલિટ્રી ન્યુક્લિયર પ્રોગ્રામ ચલાવવાની ટેકનિકલ ક્ષમતા છે અને કેટલાક સંશોધન કરી રહ્યા છે. આ કદાચ માનવજાતના હિતમાં ન હોય, પરંતુ સત્ય એ છે કે માનવજાતે હજુ સુધી પોતાની રક્ષાની ગેરંટી આપવા માટે પરમાણુ હથિયાર સિવાય બીજો કોઈ રસ્તો શોધ્યો નથી.

# ઈરાન ઉપર અમેરિકાની હુમલાની તૈયારી : ઈરાનમાં ભરેલો અગ્નિ

## અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટ પહોંચી ગયા : હુમલાની સ્થિતિમાં ઈરાનનું સૈન્ય પણ વળતો ઘા કરવા તૈયાર

નવી દિલ્હી,

ઈરાનમાં સત્તાધીશો વિરુદ્ધ થઈ રહેલા હિંસક આંદોલન વચ્ચે અમેરિકાના હુમલાની શક્યતા વધી ગઈ છે. અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટ પહોંચી ગયા છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકાની સેના ગમે તે સમયે ઈરાન પર હુમલો કરી શકે છે. અમેરિકાની નૌસેનાનું અબ્રાહમ લિંકન સ્ટ્રાઈક ગ્રુપ અમેરિકન સેન્ટ્રલ કમાન્ડમાં પહોંચી ગયું છે. એવામાં ઈરાનમાં પણ સેના સતત હાઈ એલર્ટ પર છે. અમેરિકાની સેનાનું કહેવું છે કે ક્ષેત્રીય સુરક્ષા અને સ્થિરતા વધારવા માટે એરક્રાફ્ટ કેરિયર અને યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટમાં તૈનાત કરાયા છે. પરમાણુ બોમ્બના ભયનો અંત : ઈરાનની પરમાણુ ક્ષમતાને નષ્ટ કરી કરીને અમેરિકા લાંબાગાળા માટે સુરક્ષિત થઈ શકે ઓઈલ અને ગેસ પર નિયંત્રણ : સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી દુનિયાનું ૨૦ ટકા ઓઈલ પસાર થાય છે. ત્યાં અમેરિકાનો સીધો પ્રભાવ સ્થાપિત થઈ જાય.

અમેરિકા ઈચ્છે છે કે ઈરાનમાં એવી સરકાર રહે જે પશ્ચિમી દેશો સાથે મિત્રતા રાખે તથા રશિયા અને ચીનથી દૂર રહે.

# ઈ-કોમર્સ કંપની એમેઝોન ૧૬૦૦૦ કર્મચારીઓની છટણી કરશે

## એમેઝોનના નિર્ણયથી બેંગલુરુ અને હૈદરાબાદ જેવા આઈટી હબમાં કામ કરતા કર્મચારીઓમાં ફફડાટ




નવી દિલ્હી,

વૈશ્વિક ઈ-કોમર્સ દિગ્ગજ એમેઝોન ફરી એકવાર મોટા પાયે કર્મચારીઓની કાપ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. ૨૦૨૬ના વર્ષની શરૂઆતમાં જ ટેક ક્ષેત્ર માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપની પોતાના કોર્પોરેટ માળખાને ફરીથી સંગઠિત કરવા માટે હજારો કર્મચારીઓને પિંક સ્લિપ આપી શકે છે. આ નિર્ણયની સૌથી વધુ અસર ભારત જેવા દેશોમાં કામ કરતી ટીમો પર પડવાની આશંકા છે, જેના કારણે બેંગલુરુ અને હૈદરાબાદ જેવા આઈટી હબમાં કામ કરતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

એમેઝોન ૨૭ જાન્યુઆરીથી છટણીના નવા રાઉન્ડની શરૂઆત કરી શકે છે. આ વખતે અંદાજે ૧૬,૦૦૦ કર્મચારીઓની નોકરી જઈ શકે છે. ખાસ કરીને એમેઝોન વેબ સર્વિસીસ અને પ્રાઈમ વિડિયો જેવા મહત્વના વિભાગો આ કાપની ઝપેટમાં આવી શકે છે. કંપનીના આ રી-સ્ટ્રક્ચરિંગ પ્લાન હેઠળ ૨૦૨૬ના મધ્ય સુધીમાં કુલ ૩૦૦૦૦ જેટલા કોર્પોરેટ જગ્યા ખતમ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાંથી ૧૪૦૦૦ જગ્યા અગાઉ જ ઘટાડી દેવામાં આવ્યા છે.

એમેઝોનની આ છટણીમાં ભારત એક મહત્વનું કેન્દ્ર હોવાનું મનાય છે. બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈમાં કાર્યરત એમેઝોનની કોર્પોરેટ ટીમો અને એચઆર વિભાગ પર આ છટણીની સીધી અસર પડી શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે ઈીક્ષ્ઠંૈં અને ફ્નૈહઙ્ઘ પર કર્મચારીઓ વચ્ચે ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, મેનેજરોએ પહેલેથી જ સંકેતો આપવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને જે કર્મચારીઓ પરફોર્મન્સ ઈમ્પ્રૂવમેન્ટ પ્લાન હેઠળ છે, તેમને સૌથી પહેલા જાણ કરવામાં આવે તેવી શક્યતા છે.

એમેઝોનના સીઈઓ એન્ડી જેસીના જણાવ્યા અનુસાર, આ છટણી કોઈ આર્થિક તંગી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે નથી લેવામાં આવી રહી. કંપનીનું માનવું છે કે મેનેજમેન્ટમાં જરૂર કરતા વધારે લેયર્સ બની ગયા છે, જેના કારણે નિર્ણય લેવામાં વિલંબ થાય છે અને કામની ગતિ ધીમી પડે છે. આથી, કંપની વચ્ચેના મેનેજમેન્ટ સ્તરો ઘટાડીને કામગીરીને વધુ ઝડપી બનાવવા માંગે છે. જોકે, નિષ્ણાતો માને છે કે એચઆર અને કસ્ટમર સપોર્ટ જેવા ક્ષેત્રોમાં વધી રહેલું ઓટોમેશન પણ આ છટણી પાછળનું એક પરોક્ષ કારણ હોઈ શકે છે.

CMYK